# 8931 દિવસ સુધી સરકારના વડા રહીને મોદીએ રચ્યો નવો વિક્રમ

**મોદીએ** પવન કુમાર ચામલિંગનો રેકોર્ડ તોડ્યો

**રાજકીય** સફરના 25મા વર્ષમાં પ્રવેશ અને સોશિયલ મીડિયા પર પણ વિશ્વમાં પ્રથમ સ્થાને



## સૌથી લાંબો સમય સેવા આપનારા પીએમ મોદીને ભાજપના નેતાઓએ વધાવ્યા

નવી દિલ્હી, તા. 22: ટોચના કેન્દ્રીય મંત્રીઓએ રવિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને જાહેર જીવનમાં (પહેલા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે અને હવે વડા પ્રધાન તરીકે) 8,931 દિવસ પૂર્ણ કરવાનો રેકોર્ડ બનાવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. મંત્રીઓએ જણાવ્યું હતું કે, આ સિદ્ધિ 'રાષ્ટ્ર પ્રથમ'ના શાસન પ્રત્યેની તેમની ઊંડી પ્રતિબદ્ધતા, ગરીબોને અધિકારો અપાવવા અને વૈશ્વિક મંચ પર દેશનું ગૌરવ વધારવાનું પ્રતિબિંબ છે. અમિત શાહ, જે.પી. નડ્ડા, પીયૂષ ગોયલ, અશ્વિની વૈષ્ણવ અને ભાજપના વડા નીતિન નબીન સહિતના કેન્દ્રીય મંત્રીઓએ વડા પ્રધાનની પ્રશંસા કરતાં કહ્યું હતું કે, '''મોદી યુગ'એ વિકાસના નવા સીમાચિહ્નો સ્થાપિત કરીને ભારતને સંપૂર્ણ રીતે બદલી નાખ્યું છે.''

નવી દિલ્હી, તા. 22: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય રાજકારણમાં એક અભૂતપૂર્વ સીમાચિહ્ન સર કર્યું છે. તેઓ ભારતમાં ચૂંટાયેલી સરકારના વડા તરીકે સૌથી લાંબો સમય સેવા આપનાર નેતા બની ગયા છે. પીએમ મોદીએ સિક્કિમના ભૂતપૂર્વ મુખ્યમંત્રી પવન કુમાર ચામલિંગના 8930 દિવસના શાસનકાળના રેકોર્ડને વટાવી દીધો છે. ગુજરાતના મુખ્યમંત્રી અને ભારતના વડા પ્રધાન તરીકેના કાર્યકાળને જોડીને તેમણે કુલ 8931 પૂર્ણ કર્યા છે, જેની સાથે તેઓ નેતૃત્વની ભૂમિકામાં તેમના 25મા વર્ષમાં પ્રવેશ્યા છે.

પીએમ મોદીના નામે અનેક નોંધપાત્ર રેકોર્ડ નોંધાયેલા છે. તેઓ ગુજરાતના સૌથી લાંબો સમય સેવા આપનાર મુખ્યમંત્રી હોવા ઉપરાંત, આઝાદી પછી જન્મેલા ભારતના પ્રથમ વડા પ્રધાન છે. ૨૦૧૪, ૨૦૧૯ અને ૨૦૨૪ની સતત ત્રણ લોકસભા ચૂંટણીમાં વિજય મેળવીને તેમણે જનતાના અતૂટ વિશ્વાસને સાબિત કર્યો છે. 26 મે, 2014ના રોજ 14મા વડાપ્રધાન તરીકે શપથ લેનારા મોદી, પૂર્ણ બહુમતી સાથે સતત ત્રીજી વખત સત્તામાં પરત ફરનારા પ્રથમ બિન-કોંગ્રેસી નેતા છે.

રાજકીય સિદ્ધિઓ ઉપરાંત, ડિજિટલ પ્લેટફોર્મ પર પણ તેમનો દબદબો યથાવત છે. આ મહિને તેમની યુટ્યુબ ચેનલે 30 મિલિયન સબ્સ્ક્રાઈબર્સનો આંકડો વટાવ્યો છે, જે વિશ્વના કોઈપણ વર્તમાન કે ભૂતપૂર્વ નેતા કરતા વધુ છે. ઈન્સ્ટાગ્રામ પર 101 મિલિયન ફોલોઅર્સ સાથે તેઓ આ સીમાચિહ્ન સર કરનારા પ્રથમ વૈશ્વિક નેતા બન્યા છે, જ્યારે એક્સ પર તેમના 106.4 મિલિયન ફોલોઅર્સ છે. આ આંકડાઓ તેમની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રચંડ લોકપ્રિયતા અને લોકો સાથે જોડાવાની કુશળતા દર્શાવે છે.

## પેજ 3

### કિમ કાર્દાશિયન-લુઈસ હેમિલ્ટન ટોક્યોમાં સાથે ફરતાં જોવા મળતાં તેમના પ્રેમની અફવાઓને વેગ મળ્યો



ટોક્યો, તા. 20 : કિમ કાર્દાશિયન અને લુઈસ હેમિલ્ટન આ સપ્તાહના અંતે ટોક્યોમાં પ્રિયજનની જેમ સાથે ફરવા જતા જોવા મળ્યા હતા જેથી તેમના સંભવિત પ્રેમ સંબંધ અંગે અટકળોને વધુ વેગ મળ્યો છે. ગયા મહિને કેલિફોર્નિયાના સાન્ટા ક્લેરામાં સુપર બાઉલ સહિત, તાજેતરના અઠવાડિયામાં બે અલગ અલગ પ્રસંગોએ સાથે જોવા મળ્યા બાદ, એ-લિસ્ટ જોડી ડેટિંગ કરી રહી હોવાનું માનવામાં આવે છે. જાન્યુઆરીના અંતમાં કોટ્સવોલ્ડ્સની એક ભવ્ય હોટેલમાં સાથે ચેક-ઇન કરતા તેઓનો ફોટો પડાયો ત્યારે પહેલી વાર અફવાઓ સામે આવી હતી, અને ત્યારથી તેમના સંબંધોની વાતો વધુ જોરશોરથી વધી ગઈ છે.

### આદિત્ય ધર-યામીને મળી રામ ગોપાલ વર્માએ નિર્દેશકને 'અસલી હમઝા' ગણાવ્યો



મુંબઈ, તા. 22 : ફિલ્મ નિર્દેશક રામ ગોપાલ વર્મા ફિલ્મ 'ધુરંધર'ના રિલીઝ સમયથી જ નિર્દેશક આદિત્ય ધરના ફેન બની ગયા છે. 'ધુરંધર: ધ રિવન્જ' રિલીઝ થાય તે પહેલાં જ તેમણે ફિલ્મ જોઈ લીધી હતી અને તેને વર્ષની સૌથી મોટી ફિલ્મ જાહેર કરી દીધી હતી. હવે તેઓ ફિલ્મ બનાવનાર આદિત્ય ધરને મળવા પહોંચ્યા છે અને ફરી એકવાર તેમનાં દિલ ખોલીને વખાણ કર્યાં છે. રામ ગોપાલ વર્મા 'ધુરંધર' અને તેને બનાવનાર આદિત્ય ધરના કામ તેઓ ઘણા પ્રભાવિત થઈ ગયા છે અને ફિલ્મની સફળતા માટે અભિનંદન આપવા તેઓ નિર્દેશકના ઘરે પહોંચ્યા હતા. તેમણે આદિત્ય ધર અને યામી ગૌતમ સાથે મુલાકાત કરી અને સોશિયલ મીડિયા પર ફોટો શેર કર્યો હતો.





# ફ્લોરિડા આગમનના વીડિયોમાં ટ્રમ્પ પર થાક અને વૃદ્ધત્વની અસર જણાઇ

**ટ્રમ્પનો** વિમાનમાંથી ઉતરતી વખતનો વીડિયો અને ખુરશી પર બેસવામાં પડતી મુશ્કેલી આવતા જોઈને સોશિયલ મીડિયા પર લોકોની વિવિધ પ્રતિક્રિયાઓ આવી

નવી દિલ્હી, તા. 22: અમેરિકાના 79 વર્ષીય પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના સ્વાસ્થ્યને લઈને ફરી એકવાર ચર્ચાઓ તેજ થઈ છે. 21 માર્ચના રોજ ફ્લોરિડા પહોંચેલા ટ્રમ્પનો એરફોર્સ વન વિમાનના દાદર ઉતરતો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં તેઓ ખૂબ જ સાવચેતીપૂર્વક અને રેલિંગ પકડીને ઉતરતા જોવા મળે છે. આ દ્રશ્યોએ ઇન્ટરનેટ પર નવી ચર્ચાઓ છેડી દીધી છે, જેમાં કેટલાક લોકો તેમના શારીરિક સ્વાસ્થ્ય અને વધતી ઉંમર અંગે સવાલો ઉઠાવી રહ્યા છે.

વીડિયોમાં જોઈ શકાય છે કે ટ્રમ્પ અત્યંત ધીમી ગતિએ નીચે ઉતરે છે અને વચ્ચે થોડીવાર રોકાય છે. આ ઉપરાંત, એક દિવસ અગાઉના અન્ય એક વીડિયોમાં તેઓ ખુરશી પર બેસતી વખતે ટેબલનો સહારો લેતા અને થોડા અસહજ જણાતા હતા. સોશિયલ મીડિયા યુઝર્સે તેમના સોજેલા પગની ઘૂંટીઓ અને બદલાતા ત્વચાના રંગ તરફ પણ ધ્યાન દોર્યું છે. વિરોધીઓ અને નેટીઝન્સ કહી રહ્યા છે કે હવે ટ્રમ્પ થાકેલા અને વૃદ્ધ દેખાઈ રહ્યા છે, અને તેમના સ્વાસ્થ્ય અંગે સત્ય બહાર આવવું જોઈએ.

જોકે, ડોનાલ્ડ ટ્રમ્પે હંમેશા આવા દાવાઓનો વિરોધ કર્યો છે. તેઓ વારંવાર વ્હાઇટ હાઉસના ભૂતપૂર્વ ડોક્ટર રોની જેક્સનના અહેવાલનો હવાલો આપીને પોતાને સૌથી તંદુરસ્ત પ્રમુખ ગણાવતા રહ્યા છે. તેમના સમર્થકોનું કહેવું છે કે આવા ટૂંકા વીડિયોને સંદર્ભ વિના જોવામાં આવે છે. હાલમાં તેમના સત્તાવાર કાર્યક્રમોમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી અને તેઓ ફ્લોરિડા બાદ ટેનેસી અને ત્યારબાદ વોશિંગ્ટન જવા રવાના થશે.

## કતારે પર્સિયન ગલ્ફમાં હેલિકોપ્ટર દુર્ઘટનામાં છના મોતની પુષ્ટિ કરી

દોહા, તા. 22 : કતારે રવિવારે (22 માર્ચ, 2026)ના રોજ પુષ્ટિ કરી હતી કે, પર્સિયન ગલ્ફમાં દેશની દરિયાઈ સીમામાં એક કતારી હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થતાં છ લોકોનાં મોત થયાં છે. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે, એક દિવસ પહેલા થયેલી આ દુર્ઘટનામાં હજી પણ એક વ્યક્તિ ગુમ છે. સંરક્ષણ મંત્રાલયે હેલિકોપ્ટર દુર્ઘટના માટે ટેક્નિકલ ખામીને જવાબદાર ગણાવી હતી.

ગૃહ મંત્રાલયના નિવેદનમાં મૃતકોની રાષ્ટ્રીયતા કે તેઓ નાગરિકો હતા કે સૈન્ય કર્મચારીઓ એ વિશે સ્પષ્ટતા કરવામાં આવી નથી કતારના સંરક્ષણ મંત્રાલયે રવિવારે (22 માર્ચ, 2026) જણાવ્યું હતું કે, કતારની દરિયાઈ સીમામાં ક્રેશ થયેલા હેલિકોપ્ટરમાં એક સૈનિક સહિત ત્રણ તુર્કી નાગરિકો અને ત્રણ કતારી સૈનિકો સવાર હતા. બીજી તરફ, તુર્કીના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે, "કતાર-તુર્કી સંયુક્ત દળોના કમાન્ડના ભાગરૂપે તાલીમ કવાયત કરી રહેલું કતાર સશસ્ત્ર દળોનું હેલિકોપ્ટર સમુદ્રમાં તૂટી પડ્યું હતું." મંત્રાલયે ઉમેર્યું હતું કે, "આ દુર્ઘટનામાં તુર્કી સશસ્ત્ર દળોના એક સભ્ય અને તુર્કીની મોટી સંરક્ષણ કંપની 'એસેલસન'ના બે ટેક્નિશિયનના મોત થયાં છે."

# ડોનાલ્ડ ટ્રમ્પનું ચિત્ર ધરાવતો 24-કેરેટ સોનાનો સિક્કો અમેરિકા બહાર પાડશે

**આ બીજી** એવી ઘટના હશે જ્યારે અમેરિકાના કોઈ જીવંત પ્રમુખનું ચિત્ર સિક્કા પર મુકવામાં આવશે

**અમેરિકાની** આઝાદીના 250 વર્ષ પૂર્ણ થવા નિમિત્તે બહાર પડાનારા આ સિક્કાના નિર્ણયથી ભારે વિવાદ છેડ્યો



વોશિંગ્ટન, તા. 22 (પીટીઆઈ): અમેરિકાની આઝાદીના 250 વર્ષ પૂર્ણ થવાની ઉજવણીના ભાગરૂપે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનું ચિત્ર ધરાવતો 24-કેરેટ સોનાનો સિક્કો બહાર પાડવાની તૈયારીઓ ચાલી રહી છે. આ સિક્કામાં ટ્રમ્પ 'રેઝોલ્યુટ ડેસ્ક' પર હાથ રાખીને ઉભેલા જોવા મળશે.

અમેરિકાના ઈતિહાસમાં આ બીજી એવી ઘટના હશે જ્યારે કોઈ જીવંત પ્રમુખનું ચિત્ર સિક્કા પર મૂકવામાં આવશે. આ પહેલા 1926માં કેલ્વિન કૂલીજનું ચિત્ર સિક્કા પર મૂકાયું હતું. યુએસ ટ્રેઝરર બ્રાન્ડોન બીચે જણાવ્યું કે, ટ્રમ્પનું વ્યક્તિત્વ દેશની લોકશાહી અને અખંડ જુસ્સાનું પ્રતિક છે, તેથી આ ખાસ સિક્કા માટે તેમની પસંદગી કરવામાં આવી છે.

જોકે, આ નિર્ણયથી અમેરિકામાં કાયદાકીય અને રાજકીય વિવાદ છેડાયો છે. અમેરિકી સંઘીય કાયદા મુજબ કોઈ પણ જીવંત પ્રમુખનું ચિત્ર ચલણી નોટો કે સિક્કા પર મૂકી શકાતું નથી. પરંતુ ટ્રેઝરી વિભાગનું કહેવું છે કે આ એક 'સ્મારક સિક્કો' છે, જે સામાન્ય ચલણથી અલગ છે. વિરોધ પક્ષ ડેમોક્રેટ્સે આ પગલાને શરમજનક ગણાવતા કહ્યું છે કે લોકશાહીના નેતાઓ નહીં પણ સરમુખત્યારો પોતાનું ચિત્ર સિક્કા પર છપાવે છે. આ અગાઉ પણ ટ્રમ્પે કેનેડી સેન્ટરનું નામ બદલીને 'ટ્રમ્પ-કેનેડી સેન્ટર' કરવા અને વ્હાઈટ હાઉસમાં નવો બોલરૂમ બનાવવા જેવા નિર્ણયો લઈને વિવાદ સર્જ્યો હતો.

# મહિલાની લાશ સાથે 13 કલાક સુધી ઉડતું રહ્યું વિમાન

લંડન, તા. 22 : બ્રિટિશ એરવેઝની ફ્લાઈટમાં રવિવારે એક મહિલા મુસાફરનું ટેકઓફના લગભગ 1 કલાક બાદ મોત નીપજ્યું હતું. ત્યારબાદ તેમનો મૃતદેહ આખા \R13 કલાક સુધી વિમાનમાં જ રાખવામાં આવ્યો હતો.

મૃતદેહને વિમાનના પાછળના ભાગમાં રાખવામાં આવ્યો હતો, જ્યાં ફ્લોર ગરમ હતું. આ કારણે ધીરે ધીરે દુર્ગંધ ફેલાવા લાગી, જેનાથી પાછળ બેઠેલા મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

આ ઘટના હોંગકોંગથી લંડન જઈ રહેલી ફ્લાઈટમાં બની હતી. મહિલાની ઉંમર લગભગ 60 વર્ષ હતી. પાઈલટે ફ્લાઈટને વચ્ચે રોકવા અથવા પરત ફરવાને બદલે લંડન સુધી મુસાફરી ચાલુ રાખવાનો નિર્ણય કર્યો. કારણ કે, નિયમો મુજબ આવી સ્થિતિને સામાન્ય રીતે ઈમરજન્સી માનવામાં આવતી નથી.

ક્રૂ મેમ્બર્સે પહેલા મૃતદેહને ટોઈલેટમાં રાખવાનું વિચાર્યું હતું, પરંતુ બાદમાં તેને ધાબળામાં લપેટીને ગેલીમાં રાખી દેવામાં આવ્યો હતો. ગેલી વિમાનનો એ ભાગ હોય છે જ્યાં ફ્લાઈટ સ્ટાફ (ક્રૂ) ખાવા-પીવાનું તૈયાર કરે છે અને સામાન રાખે છે. અહીંથી જ મુસાફરોને જમવાનું, પાણી અને ચા-કોફી આપવામાં આવે છે. સામાન્ય રીતે આ પ્લેનના આગળના અથવા પાછળના ભાગમાં હોય છે. લંડન પહોંચતાં જ પોલીસે વિમાનમાં આવીને તપાસ કરી હતી અને લગભગ 45 મિનિટ સુધી મુસાફરોને સીટ પર જ બેસાડી રાખવામાં આવ્યા હતા.

એરલાઈન બ્રિટિશ એરવેઝે જણાવ્યું હતું કે, તમામ નિયમોનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું છે અને તેઓ મહિલાના પરિવારની સાથે છે.

# ક્યુબામાં ફરી વીજળી ગુલ, આખા દેશમાં અંધકારપટ

**આ મહિનામાં** ત્રીજી વખત દેશવ્યાપી બ્લેકઆઉટની ઘટના બની છે

**અમેરિકાએ** ક્યુબા પર લગાવેલા ઈંધણના પ્રતિબંધ અને જૂના માળખાના કારણે આ કટોકટી સર્જાઈ રહી છે



હવાના, તા. 22 (એપી): ક્યુબામાં શનિવારે પાવર ગ્રીડ ફરી એકવાર ઠપ્પ થઈ જતાં સમગ્ર દેશ અંધકારમાં ડૂબી ગયો હતો. માર્ચ મહિનામાં આ ત્રીજી વખત છે જ્યારે સામ્યવાદી શાસન ધરાવતા આ દેશે રાષ્ટ્રવ્યાપી બ્લેકઆઉટનો સામનો કરવો પડ્યો છે.

ઉર્જા અને ખાણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, કેમાગ્વે પ્રાંતમાં આવેલા ન્યુવિટાસ થર્મોઈલેક્ટ્રિક પ્લાન્ટના જનરેટિંગ યુનિટમાં અચાનક ખામી સર્જાવાને કારણે આ સમસ્યા ઊભી થઈ હતી, જેની 'કેસ્કેડિંગ ઈફેક્ટ'ને લીધે અન્ય તમામ મશીનો પણ બંધ થઈ ગયા હતા. હાલમાં હોસ્પિટલો અને પાણી પુરવઠા જેવી આવશ્યક સેવાઓ ચાલુ રાખવા માટે 'માઈક્રો-આઈલેન્ડ' જનરેટિંગ યુનિટ્સ સક્રિય કરવામાં આવ્યા છે.

છેલ્લા બે વર્ષથી ક્યુબાની જૂની થઈ ગયેલી ઈન્ફ્રાસ્ટ્રક્ચર સિસ્ટમ અને ઈંધણની ભારે અછતને કારણે વીજળી ગુલ થવી એક સામાન્ય બાબત બની ગઈ છે. દરરોજ 12 કલાક સુધીના પાવર કટને કારણે લોકોનું જીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે; ઓફિસના કલાકો ઘટાડવા પડ્યા છે, ફ્રીજ બંધ રહેતા ખોરાક બગડી રહ્યો છે અને હોસ્પિટલોમાં સર્જરીઓ પણ રદ કરવી પડી રહી છે.

રાષ્ટ્રપતિ મિગ્યુએલ ડાયઝ-કેનેલે સ્વીકાર્યું છે કે છેલ્લા ત્રણ મહિનાથી વિદેશી સપ્લાયર્સ પાસેથી તેલ મળ્યું નથી, અને દેશ તેની જરૂરિયાતનું માત્ર 40 ટકા ઈંધણ જ ઉત્પાદિત કરી શકે છે.

આ સંકટ પાછળ અમેરિકાનો આર્થિક નાકાબંધીનો પણ મોટો હાથ છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જાન્યુઆરીમાં ચેતવણી આપી હતી કે જે દેશ ક્યુબાને તેલ આપશે તેના પર ટેરિફ લાદવામાં આવશે. ટ્રમ્પ પ્રશાસન ઈચ્છે છે કે ક્યુબા રાજકીય કેદીઓને મુક્ત કરે અને ઉદારીકરણ તરફ આગળ વધે. બીજી તરફ, ક્યુબાના સાથી એવા વેનેઝુએલામાં સત્તા પરિવર્તનને કારણે ત્યાંથી આવતો તેલનો પુરવઠો પણ બંધ થઈ ગયો છે. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ પણ સંકેત આપ્યો છે કે ક્યુબાની સરકાર પતનના આરે છે અને તેઓ ટૂંક સમયમાં ક્યુબા પર નિયંત્રણ મેળવી શકે છે.

# પશ્ચિમ એશિયાના સંઘર્ષ : શ્રીલંકામાં ઈંધણના ભાવમાં 25 ટકાનો વધારો

**પશ્ચિમ** એશિયા સંઘર્ષ શરૂ થયા પછી એક જ અઠવાડિયામાં બીજીવાર શ્રીલંકાએ ભાવ વધારો કર્યો

કોલંબો, તા. 22 (PTI): શ્રીલંકા સરકારે રવિવારે ઈંધણના ભાવમાં અંદાજે 25 ટકાનો વધારો કર્યો છે, જે પશ્ચિમ એશિયાના સંઘર્ષ વચ્ચે એક અઠવાડિયામાં કરવામાં આવેલો આવો બીજો વધારો છે.

આ પગલું ઈરાન સામે અમેરિકા-ઈઝરાયેલના સંયુક્ત હુમલા અને ઈસ્લામિક રાષ્ટ્ર દ્વારા કરવામાં આવેલી જવાબી કાર્યવાહીની પૃષ્ઠભૂમિમાં આવ્યું છે, જે હવે સમગ્ર અખાતી પ્રદેશમાં ફેલાઈ ગયું છે. આના કારણે વિશ્વના ઊર્જા પુરવઠા માટે વ્યૂહાત્મક રીતે મહત્ત્વપૂર્ણ એવી હોર્મુઝની સામુદ્રધુની બંધ થઈ ગઈ છે.વૈશ્વિક તેલ બજારોને હચમચાવી દેનારો આ સંઘર્ષ ચોથા અઠવાડિયામાં પ્રવેશતાં જ ટાપુ રાષ્ટ્રની સરકારે મધ્યરાત્રિથી અમલી બને તે રીતે ઈંધણના ભાવમાં વધારો કર્યો છે. ઓટો ડીઝલની કિંમતમાં 26.1 ટકાનો વધારો થયો છે જે 303 શ્રીલંકન રૂપિયા (એલકેઆર) થી વધીને 382 એલકેઆર થયો છે, સુપર ડીઝલ 25.5 ટકા વધીને 353 એલકેઆરથી 443 એલકેઆર, પેટ્રોલ 92 ઓક્ટેન 25.6 ટકા વધીને 317 થી 398, પેટ્રોલ 95 ઓક્ટેન 24.7 ટકા વધીને 365થી 455 અને કેરોસીન 30.8 ટકા વધીને 195થી 255 થયું છે.

સંઘર્ષને કારણે થયેલો આ ભાવ વધારો એક અઠવાડિયામાં બીજો અને 1 માર્ચ પછીનો ત્રીજો વધારો છે.

# તબીબોએ દુર્લભ પ્રકારના કેન્સરમાંથી મુક્તિ અપાવી કિશોરીને નવજીવન આપ્યું

**અન્નનળીમાં** ખોરાક ઉતારવો પણ મુશ્કેલ હતો, દિલ્હીની હોસ્પિટલમાં જટિલ રોબોટિક સર્જરી દ્વારા જીવલેણ ટ્યુમર દૂર કરાયું

નવી દિલ્હી, તા. 22 (પીટીઆઈ): દ્વારકાની મણિપાલ હોસ્પિટલના ડોક્ટરોએ એક 14 વર્ષની કિશોરીને કેન્સરના અત્યંત દુર્લભ અને આક્રમક પ્રકારમાંથી મુક્તિ અપાવી નવું જીવન આપ્યું છે. આ કિશોરી 'સિગ્નેટ રિંગ સેલ કાર્સિનોમા' નામના કેન્સરથી પીડાતી હતી, જે અન્નનળી અને પેટના જોડાણ પર થયું હતું.

આ ગંભીર બીમારીને કારણે તે ખોરાક ગળી શકતી નહોતી, જેનાથી તેના પોષણ અને દૈનિક જીવન પર માઠી અસર પડી હતી.

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ (એનઆઈએચ) મુજબ, પુખ્ત વયના લોકોમાં પેટ અને અન્નનળીનું કેન્સર સામાન્ય છે, પરંતુ બાળકોમાં આ પ્રકારનું કેન્સર જોવા મળવું અત્યંત દુર્લભ છે. ડો. સુરેન્દર કુમાર ડબાસ અને તેમની ઓન્કોલોજી ટીમે આ જટિલ કેસમાં પહેલા કીમોથેરાપીના પાંચ રાઉન્ડ આપ્યા હતા. ત્યારબાદ રોબોટિક સર્જરી દ્વારા પેટના અસરગ્રસ્ત ભાગ અને નજીકની લિમ્ફ નોડ્સને અત્યંત ચોકસાઈપૂર્વક દૂર કરવામાં આવી હતી.

ડોક્ટરોના જણાવ્યા અનુસાર, રોબોટિક ટેકનોલોજીને કારણે આસપાસના મહત્વના અંગોને નુકસાન પહોંચાડ્યા વિના ટ્યુમર દૂર કરી શકાયું છે. ઓપરેશન બાદ કિશોરીની તબિયતમાં ઝડપથી સુધારો થઈ રહ્યો છે અને હવે તે ફરીથી ખોરાક ખાઈ શકે છે. ડોક્ટરોએ આ સફળતાને તબીબી વિજ્ઞાન અને સર્જરીમાં વધેલી ચોકસાઈનું ઉત્તમ દાખલો ગણાવ્યો છે.


